તબીબી શિક્ષણ હેઠળની મેડીકલ કોલેજ
સંલગ્ન હોસ્પિટલો ખાતે રોગી કલ્યાણ
સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એમસીજી-૧૦૦૪-૫૧૫૨-જ,
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૫-૨-૨૦૦૫

**<u>વંચાણેલીધા:-</u>** ૧:-કમિશ્નરશ્રી,આરોગ્યતબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ ગાંધીનગરના પત્ર
ક્રમાંક:સીઇમ-જીઇએન-પીએ-તા.૨૧-૯-૨૦૦૪

**<u>ઠરાવ:-</u>**

તબીબી શિક્ષણ હેઠળની મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ લો ખાતે રોગી કલ્યાણ સમિતિની રચના બાબતે આમુખની તા.૨૧-૯-૦૪ની દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના સભ્યો સાથે ની રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવે છે .

| ક્રમ | નામ. | સભ્યશ્રીનો હોદ્દો |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ૧. | સિવિલ હોસ્પિટલ અમદાવાદ તથા એસએસ.જા.હોસ્પિટલ વડોદરા, | ચેરપર્સન,અગ્રસચિવશ્રી,(આરોગ્ય) |
| | સિવિલ હોસ્પિટલ, સુરત રાજકોટ, ભાવનગર, જામનગર | ચેરપર્સન,કમિશનરશ્રી,(આરોગ્ય) |
| ૨. | તબીબી અધિક્ષકશ્રી,(સંબંધિત હોસ્પિટલ) | સભ્યસચિવ |
| ૩. | અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ | સભ્ય |
| ૪. | સંબંધિત હોસ્પિટલ ખાતેના સ્થાનિક મા.સંસદસભ્યશ્રી | સભ્ય |
| ૫. | મેયરશ્રી/સમિતિ દ્વારા નક્કી કરાતા મુખ્ય અધિકારીશ્રી | સભ્ય |
| ૬. | મ્યુનિસિપલ અધિકારીશ્રી (આરોગ્ય) | સભ્ય |
| ૭. | ખોરાક અને ઓષધ નિયમન તંત્રના ફુડ અને ડ્રગ ઈન્સ્પેકટર | સભ્ય |
| ૮. | સંબંધિત સી.ડી.એચ.ઓ. | સભ્ય |
| ૯. | જિલ્લાના સ્થાનિક. મા.ધારાસભયશ્રી (દરેક નાણાંકીય વર્ષે ક્રમાનુસાર) | સભ્ય |
| ૧૦. | ડીનશ્રી મેડીકલ કોલેજ (સંબંધિત) | સભ્ય |
| ૧૧ | નિવાસી તબીબી અધિકારીશ્રી | સભ્ય |
| ૧૨. | સંબંધિત ડી.એસ.પી. | સભ્ય |
| ૧૩. | કિલીનીકલ વિભાગના ત્રણ સીનીયર વડાશ્રી | સભ્યશ્રીઓ |
| ૧૪. | કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન તથા વીજળી | સભ્યશ્રીઓ |

| | | |
|---|---|---|
| ૧૫. | સ્થાનિક ઇન્ડીયન મેડીકલ એસોસીએશનના પ્રમુખશ્રી | સભ્યશ્રીઓ |
| ૧૬. | બે એન.જી.ઓ.પ્રતિનિધિ દર વર્ષે ચેરપર્સન દ્વારા એન.જી.ઓ. યાદીમાંથી દર્દી કલ્યાણ અંગે સક્રીય કામ કરનાર જે તબીબી અધિક્ષકશ્રી દ્વારા સુચવવામાં આવે. | સભ્યશ્રીઓ |
| ૧૭. | સૌથી વધુ દાન આપનાર બે દાતાશ્રીઓ (આગળના વર્ષે મળેલ દાન મુજબ) રૂ.૫૦ લાખથી વધુ દાન આપનાર દારાશ્રીને ઓનરરી વાઇસ ચેરમેન નિયુક્ત કરવા | સભ્યશ્રીઓ |
| ૧૮. | ચાર સામાજિક કાર્યકર (એક મહિલા -૧-એક અનુ.જાતિ) | સભ્યશ્રીઓ |

(૨) હાલ પૂરતી આ સમિતિની મુદત એક વર્ષની રહેશે અને વર્ષપુરુ થયેથી આ સમિતિની મુદત લંબાવતા પહેલાં સમિતિએ કરેલ કામગીરી અને ફલશ્રૃતિનું મુલ્યાંકન કરી જે તે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

(૩) આ રોગી કલ્યાણ સમિતિની સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ -૧૯૬૦ નીચે નોંધણી કરાવવાની રહેશે .

(૪) આ સમિતિ સંબંધિત હોસ્લિટ્લના સુયોગ્ય વિકાસ,સેવાઓની ઉચી ગુણવત્તા,દર્દીઓને ઉત્તમ સુખાકારી અને હોસ્પિટલ વિષયક મકાનો અને સાધનોના રીપેરીંગ જાળવણી બાબતે કામગીરી બજાવશે.

(૫) રોજીંદી કામગીરી અંગે રોગી કલ્યાણ સમિતિની સામાન્ય ગાઇડ લાઇન,મુજબ કામ કરવા અંગે નીચે મુજબની એક્ઝીક્યુટીવ સમિતિની રચના કરવામાં આવશે જેના સભ્યો નીચે મુજબ રહેશે .

(૧) તબીબી અધિક્ષકશ્રી, ચેરપર્સન
(૨) કાર્યપાલક અધિકારીશ્રી
(૩) નિવાસી તબીબી અધિકારીશ્રી,
(૪) કલીનીકલ વિભાગના સીનીયર મોસ્ટ વડા
(૫) હોસ્પિટલના વહીવટી અધિકારીશ્રી

(૬) આ સમિતિ અસ્તિત્વમાં આવતાં હોસ્પિટલ ખાતેની સલાહકાર સમિતિનું અસ્તિત્વ રદ ગણવાનું રહેશે.

(૭) આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧-૧૨-૦૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજયપાલકશ્રીના હુકમથી અને તેમના નામે .

સહી
જે.બી.દેસાઇ
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ